## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અંતર્ગત
## જુનીયર ક્લાર્ક સંવર્ગ વર્ગ-૩ની ભરતી બાબત.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જુનીયર ક્લાર્ક, વર્ગ-૩ માં (જાહેરાત ક્રમાંક: ૧૫૦/૨૦૧૮-૧૯) નિમણુક માટે પસંદગી પામેલ ઉમેદવારો પૈકી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ખાતે ફાળવેલ ઉમેદવારોને વેબસાઇટમાં દર્શાવેલ મેરીટક્રમ મુજબ (૧) તા.૨૫/૦૨/૨૦૨૩ ના રોજ ૧ થી ૨૨૫ અને (૨) તા.૨૬/૦૨/૨૦૨૩ ના રોજ ૨૨૬ થી ૪૨૫ એ સવારે ૦૯.૩૦ કલાકે નિયામકશ્રી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫ "ગ" રોડ ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

આ સમયે તેઓએ અરજીપત્ર સાથે ગૌણ સેવા પસંદગી મંડળને રજુ કરેલ અસલ પ્રમાણપત્રો તેની પ્રમાણિત નકલો તેમજ પાસપોર્ટ સાઇઝના ફોટા સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. SC, ST, અને SEBC ના ઉમેદવારોએ પોતાના જાતિ અંગેના પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે બોર્ડની વેબ સાઇટ https://watersupply.gujarat.gov.in/recruitment ઉપર મુકવામાં આવેલ ફોર્મ પૈકી લાગુ પડતુ ફોર્મ ડાઉનલોડ કરી બે નકલમાં ભરી સંપુર્ણ બિડાણ સાથે ઉપસ્થિત થવાનું રહેશે. SC, ST, અને SEBC ના ઉમેદવારોની જનરલ કેટેગરીમાં પસંદગી થયેલ હોઇ તો પણ જે તે કેટેગરીના ઉમેદવારે ફોર્મ ડાઉનલોડ કરી ૦૨ (બે) નકલમાં સંપુર્ણ ભરીને બિડાણ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

જુનીયર ક્લાર્ક સંવર્ગની ખાલી જગ્યાની અને મેરીટ ક્રમાંક યાદી ઉક્ત વેબસાઇટ પર મુકેલ છે. જે મુજબ મેરીટના આધારે સ્થળ પસંદગી કરવાની રહેશે અને તે પસંદગી આખરી રહેશે તથા યાદીમાં દર્શાવેલ જગ્યા સિવાય અન્ય જગ્યા પર નિમણૂંક આપવામાં આવશે નહી. જે ઉમેદવાર નિયત કરેલ તારીખ અને સમયે ગેરહાજર રહેશે તેવા કિસ્સામાં પસંદગીના વિકલ્પમાં બાકી રહેતી જગ્યા ઉપર પસંદગી મળવાપાત્ર રહેશે.

મુખ્ય વહીવટી અધિકારી
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ગાંધીનગર

---

**પ્રસિધ્ધ કરવું નહી.**

(બી.એસ.બારડ)
મુખ્ય વહીવટી અધિકારી
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ગાંધીનગર